જોરદાર છીંક

એચ. ઈ. ટોડ
ચિત્ર: વાલ બીરો







જોરદાર છીંક

એચ. ઈ. ટોડ
ચિત્ર: વાલ બીરો



નાતાલની પૂર્વ સંધ્યા પર અડધી રાતે બોબી બ્રૂસ્ટર એક જોરદાર છીંકને લીધે જાગી ગયો - "હાક-છું!"

પહેલા તો એને લાગ્યું કે એ કોઈ સપનું જોઈ રહ્યો છે, પણ એણે પાછું સાંભળ્યું - "હાક-છું!"

એણે પલંગની બાજુની લાઈટ ચાલુ કરી, તો એણે ખુરસી પર સફેદ દાઢીવાળા એક વૃદ્ધ સજ્જનને બેઠેલો જોયો. એણે લાલ કોટ પહેર્યો હતો અને માથા પર એક લાલ હૂડ (કાનટોપી જેવું) પહેર્યું હતું.



"તમે કોણ છો?" બોબીએ પૂછ્યું. એ એક મુર્ખામીભર્યો પ્રશ્ન હતો, નહીં?

"હું ફાધર ક્રિસમસ છું," પેલા માણસે જવાબ આપ્યો - "હાક-છું!"

"સાચા ફાધર ક્રિસમસ?" બોબીએ પૂછ્યું.

"હા," પેલા માણસે કહ્યું - "હાક-છું!"

"લાગે છે કે તમને બહુ ભયંકર શરદી થઈ છે," બોબીએ કહ્યું.

"હા, મને જરાય ગમતું નથી," ફાધર ક્રિસમસે કહ્યું - "હાક-છું!"

છીંક એટલી જોરદાર હતી કે એ સાંભળીને બોબીના માતા-પિતા પણ રૂમમાં આવી ગયા!



જેવું મિસ્ટર બ્રૂસ્ટરે જોયું કે બોબી સાથે કોણ છે, તો એણે કહ્યું:

"બિચારા વૃદ્ધ ફાધર ક્રિસમસ, તમારી તબિયત જરાય સારી લાગતી નથી."

"હાક-છું!" ફાધર ક્રિસમસે છીંક ખાધી.

મિસ્ટર બ્રૂસ્ટરે બહાર જોયું. ભારે હિમવર્ષા થઈ રહી હતી.

"આવી રાતમાં આવી શરદી સાથે તમે બહાર ન જઈ શકો," એણે કહ્યું.

"તો મારા ઉપહારોનું શું થશે?" ફાધર ક્રિસમસે પૂછ્યું - "હાક-છું!"

"અમે તમારા બાકી ઉપહારો લોકો સુધી પહોંચાડી દેશું," મિસ્ટર બ્રૂસ્ટરે કહ્યું. "તમારે હવે સૂવું જોઈએ."



એટલે મિસિસ બ્રૂસ્ટરે એક સરસ ગરમ પાણીની થેલી ભરી. મિસ્ટર બ્રૂસ્ટરે મહેમાન કક્ષને ગરમ કરવા માટે દિવાલનું ગેસનું તાપણું ચાલુ કર્યું.


બોબી દરાજનું ખાનું ખોલીને એમાંથી એના પિતાનો પાયજામો લાવ્યો.


એમણે ફાધર ક્રિસ્મસને કપડાં ઉતારવામાં મદદ કરી. એમણે એને ગાદલામાં સૂવડાવી દીધા. એની પાસે ગરમ પાણીની થેલી મૂકી દીધી. એને ઓઢાડી દીધા. એને વધારે ગરમ રાખવા માટે એની દાઢીને રજાઈની ઉપર રાખી દીધી. અને એ સૂઈ ગયા.



"માઁ ને ઘરની અંદર જ રહેવું જોઈએ, કારણકે ફાધર ક્રિસમસ જાગી જાય અને એને કંઈ જોઈએ તો," મિસ્ટર બ્રૂસ્ટરે કહ્યું. "બોબી, તારે મારી સાથે આવવું પડશે અને ઉપહાર પહોંચાડવામાં મારી મદદ કરવી પડશે."

બોબી પોતાને બહુ મહત્વપૂર્ણ માનવા લાગ્યો. સવારનો દોઢ વાગી રહ્યો હતો! એણે એના ગરમ કપડાં પહેર્યા અને એ બહાર નીકળ્યો.






બહાર એક શીત પ્રદેશનું હરણ (રેન્ડીઅર) અને એક સ્લેજ ઉભા હતા.



સ્લેજની પાછલી સીટ પર થોડા ઉપહારો અને લેબલના ઢગલા હતા. એ એને જોવાના જ હતા ત્યાં હરણે પાછળ ફરીને પૂછ્યું, "તમે લોકો શું કરી રહ્યા છો?"

"અમે ઉપહાર પહોંચાડવા જઈ રહ્યા છીએ," મિસ્ટર બ્રૂસ્ટરે એને સમજાવ્યું. "ફાધર ક્રિસમસ શરદીને લીધે સૂઈ ગયા છે."



"મને એનો અંદાજ પહેલેથી જ આવી ગયો હતો," હરણે કહ્યું. "ખબર છે, એ ક્યારેક એક મૂર્ખ વૃદ્ધ માણસ બની જાય છે. મેં એને જણાવ્યું હતું કે શરદી વધી રહી છે, પણ એ એની જીદ પર કાયમ રહ્યા. સૌભાગ્યથી એનું કામ લગભગ પૂરું થઈ ગયું હતું, પણ એની પાસે બધા લેબલ લગાવવાનો સમય ન હતો, એટલે જો તમે લેબલોને ઉપહારો પર ક્રમ પ્રમાણે બાંધી દો, તો હું તમને જણાવીશ કે એને ક્યાં પહોંચાડવાના છે."



એ નીકળી પડયા. એ એક બહુ ચતુર હરણ હતું અને સારી રીતે જાણતું હતું કે એને ક્યાં-ક્યાં જવાનું છે. મિસ્ટર બ્રૂસ્ટર વિચારી રહ્યા હતા કે શું એણે છત પર ચઢીને ચીમની (ધુમાડિયા) થી નીચે ઉતરવું જોઈએ, પણ હરણે કહ્યું, "નહીં, જુઓ તમને એની આદત નથી. તમે ચીમનીમાં ફસાઈ શકો છો. એટલે ઉપહારોને પ્રવેશમંડપમાં છોડી દ્યો."

એક પળ માટે ચિંતા થઈ. એને લાગ્યું કે એના લેબલ ખલાસ થઈ ગયા છે - પણ એને સ્લેજની ભોંય પર થોડા લેબલ પડેલા મળ્યા, એટલે એને એણે ઉપહાર પર ચોંટાડી દીધા, ઉપહારો લોકોને પહોંચાડી દીધા અને ઘરે પાછા ફર્યા.







પછી એ વિચારવા લાગ્યા કે હરણનું શું કરે. એ સામેના દરવાજેથી ઘરમાં આવી શકે એમ ન હતું કારણકે એના શીંગડા બહુ પહોળા હતા. સારા નસીબે ગેરેજ ખાલી હતું કારણકે એની ગાડી સમારકામ માટે ગઈ હતી, એટલે એ થોડા તકિયા લઈ આવ્યા અને હરણ ત્યાં સૂઈ ગયું.

" ગેરેજનો દરવાજો થોડો ખુલ્લો છોડી દેજો," હરણે કહ્યું, "જેથી જો ફાધર ક્રિસમસ જાગી જાય અને એને સારું લાગે, તો કદાચ એ રાતે ઘરે પાછા ફરવા ચાહે."

ત્યાં સુધી અઢી વાગી ચુક્યા હતા. એ બંને થાકી ગયા હતા, એટલે એ પથારીમાં પડયા અને તરત સૂઈ ગયા.

જયારે બોબી ઉઠયો, તો એ બહુ ઉત્સાહિત હતો. નાતાલનો દિવસ હતો! એ ફાધર ક્રિસમસ વિષે વિચારી રહ્યો હતો. જયારે એ મહેમાન કક્ષમાં ગયો તો ત્યાં પથારી ખાલી હતી. પણ ફાધર ક્રિસમસે એક ચિઠ્ઠી છોડી હતી.



પ્રિય બ્રૂસ્ટર્સ,

મારા પર અને મારા હરણ પર આટલી દયા કરવા માટે ધન્યવાદ. મને હવે ઘણું સારું છે. મને જાગ્યા પછી એક પણ છીંક આવી નથી. એટલે હું મારા ઘરે પાછો જાઉં છું.

તમને બધાને નાતાલની હાર્દિક શુભેચ્છાઓ,

ફાધર ક્રિસમસ તરફથી પ્રેમ

વાર્તા અહીં પૂરી નથી થતી. નાતાલની સવારે એ ચર્ચ પછી દાદાજી બ્રૂસ્ટરને મળવા ગયા. રસ્તામાં એ એક વૃદ્ધ મહિલાને મળ્યા.


"નાતાલની શુભકામનાઓ, મિસિસ નિલ્સન,"

બોબીએ કહ્યું. "શું તમને કોઈ સરસ નાતાલનો

ઉપહાર મળ્યો?"

"ઠીક છે, કંઈ વાંધો નહીં," એણે જવાબ આપ્યો. "પણ મને નથી લાગતું કે એનો હું ક્યારેય ઉપયોગ કરી શકીશ. મને એક સિગારનો ડબ્બો મળ્યો છે!"





"આ તો કંઈ નથી," મિસ્ટર હેરિસને એના બગીચાની વાડની ઉપરથી જોતા કહ્યું, "મારી પત્નીને એક જોડી ફૂટબોલના બુટ મળ્યા. મારી દીકરીને એક રેઝર (અસ્ત્રો) મળ્યો. મારા દીકરાને અત્તરની એક બાટલી મળી. અને શું તમને ખબર છે કે મને શું મળ્યું? એક લેસવાળી નાઈટડ્રેસ (સ્ત્રી કે છોકરીને રાતે પહેરવાનો પોશાક)!"



"આપણે જરૂર ગરબડ કરી હશે," મિસ્ટર બ્રૂસ્ટરે બોબીને કહ્યું. એમાં કોઈ સંદેહ ન હતો.

સત્તાણું વર્ષના એક વૃદ્ધ સજ્જનને બાળકોનો ઘૂઘરો મળ્યો અને નવ મહિનાના બાળકને એક જ્ઞાનકોશ!



એ દાદાજી બ્રૂસ્ટર વિષે ચિંતિત હતા - પણ એને ચિંતા કરવાની જરૂર ન હતી. જયારે એમણે એની ઘંટડી વગાડી, તો એ દરવાજા પર આવ્યા અને બૂમ પાડી, "નાતાલની શુભકામનાઓ.

મને મારા જીવનનો અત્યાર સુધીનો સૌથી સારો ઉપહાર મળ્યો છે. જરા અંદર આવીને જુઓ."




"હું બાળપણથી એક ઇલેક્ટ્રિક ટ્રેન સેટ ચાહતો હતો," દાદાજી બ્રૂસ્ટરે કહ્યું, "અને હવે મને એ મળી ગયો છે."

અને એણે સ્વીચ પાડી અને એન્જીન અને ડબ્બા પાટા પર ઝડપથી દોડવા લાગ્યા!

એ રાતે બ્રૂસ્ટર પરિવારે એક ખાસ પાર્ટી રાખી જેમાં એણે એના પાડોશીઓને આમંત્રિત કર્યા. એ બધા આવ્યા અને પોતાના ઉપહાર લેતા આવ્યા. બધાએ બહુ મજા કરી, અને જતા પહેલા એમણે પોતાના ઉપહારોની અદલા-બદલી કરી જેનાથી દરેકને એ ઉપહાર મળે જે એ ચાહતો હતો.



સૌભાગ્યથી એક છોકરાને એ ચમકતી ટોર્ચ મળી જે દાદા બ્રૂસ્ટરને મળવાની હતી, એટલે દાદાજી ઇલેક્ટ્રિક ટ્રેન સેટ એની પાસે રાખી શક્યા.





અને હવે દાદાજી રોજ એની ટ્રેન સાથે રમે છે.



Library Cataloguing in Publication Data
Todd, H.E.